Extra No. 95

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LXVII] **WEDNESDAY, APRIL 15, 2026 / CHAITRA 25, 1948**

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૫મી એપ્રિલ, ૨૦૨૬

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા કાયદા વિભાગના તારીખઃ ૧૬મી ફેબ્રુઆરી, ૨૦૨૬ના જાહેરનામા ક્રમાંક. જીકે/૦૧/૨૬/એમએચકે/૧૯૯૧/૪૫/એફ-નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિદ્ધ કર્યો છે.

પરિમલ જોષી,

સરકારના આસિસ્ટન્ટ ડ્રાફ્ટ્સમેન.

NOTIFICATION

Regarding

The Deputy Secretary (Legal Side) in the Gujarat Secretariat Service, Class I, Recruitment Rules, 2026

ગુજરાત સચિવાલય સેવામાં, નાયબ સચિવ (કાયદાકીય બાજુ), વર્ગ-૧, ભરતી નિયમો, ૨૦૨૬ સંબંધી

જાહેરનામું

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૬મી ફેબ્રુઆરી, ૨૦૨૬

ભારતનું સંવિધાન.

ક્રમાંક: જીકે/૦૧/૨૬/એમએચકે/૧૯૯૧/૪૫/એફ:- ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ અને આ અર્થે કરેલા તમામ નિયમો રદ કરીને, ગુજરાતના રાજ્યપાલ, આથી, ગુજરાત સચિવાલય સેવામાં, નાયબ સચિવ (કાયદાકીય બાજુ), વર્ગ-૧ની જગા પર ભરતીનું નિયમન કરવા માટેની જોગવાઈ કરવા નીચેના નિયમો કરે છે:-

૧. (૧) આ નિયમો ગુજરાત સચિવાલય સેવામાં, નાયબ સચિવ (કાયદાકીય બાજુ), વર્ગ-૧, ભરતી નિયમો, ૨૦૨૬ કહેવાશે.

(૨) તે, રાજપત્રમાં તેની પ્રસિદ્ધિની તારીખે અમલમાં આવશે.

૨. ગુજરાત સચિવાલય સેવામાં, નાયબ સચિવ (કાયદાકીય બાજુ), વર્ગ-૧ની જગા ઉપરની નિમણૂક, જેણે-

(૧) ગુજરાત સચિવાલય સેવામાં, ઉપસચિવ (કાયદાકીય બાજુ), વર્ગ-૧ના સંવર્ગમાં ઓછામાં ઓછા પાંચ વર્ષ સુધી કામ કર્યું હોય; અને

(૨) ગુજરાત મુલકી સેવા કોમ્પ્યુટર ક્ષમતા તાલીમ અને પરીક્ષા નિયમો, ૨૦૦૬ અનુસાર, કોમ્પ્યુટરની જાણકારી અંગેની લાયકી પરીક્ષા પાસ કરી હોય,

- તેવી વ્યક્તિઓમાંથી ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭માં ઠરાવ્યા પ્રમાણે, બઢતીથી માટે યોગ્ય ગણાવા માટે વિચારણાના ક્ષેત્રની અંદર, "ખૂબ સારા"-નો આધારચિહ્ન ધરાવતી હોય તેવી વ્યક્તિની બઢતીથી કરવી જોઈશે:

પરંતુ નિમણૂક આપનાર સત્તામંડળને એમ ખાતરી થાય કે ઉપર પેટા-ખંડ (૧)માં નિર્દિષ્ટ કરેલો અનુભવ ધરાવતી વ્યક્તિ બઢતી માટે ઉપલભ્ય નથી અને તે મુદતથી ઓછી મુદતનો અનુભવ ધરાવતી વ્યક્તિને બઢતી આપીને પણ જગા ભરવાનું જાહેર હિતમાં જરૂરી છે, તો તે, કારણોની લેખિતમાં નોંધ કરીને, ઉપરના પેટા-ખંડ (૧)માં નિર્દિષ્ટ કરેલી મુદતના બે તૃતીયાંશ કરતાં ઓછી નહિ તેટલી મુદતનો અનુભવ ધરાવતી વ્યક્તિને બઢતી આપી શકશે.

૩. બઢતીથી નિમણૂક પામેલા ઉમેદવારે, સરકાર ઠરાવે તેવી તાલીમ લેવાની રહેશે અને તેવી પરીક્ષા પાસ કરવાની રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

પી. એમ. પટેલ,

સરકારના નાયબ સચિવ.

Government Central Press, Gandhinagar.

Signature Not Verified
Signed by : BHOLUSINGH G THAKUR
Senior Manager
Government Central Press, Gandhinagar
Date : 2026.06.05 10:16:20 IST